પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૪) અંક નં. ૨૦૬ | ૬ ઓક્ટોબર, ૨૦૧૯, રવિવાર; આસો સુદ - ૮ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# ભારત-બાંગ્લાદેશ વચ્ચે મહત્ત્વપૂર્ણ સાત કરાર

**જળ, શિક્ષણ સહિત સાત કરાર પર હસ્તાક્ષર : વડાપ્રધાન મોદી અને શેખ સહિનાએ ત્રણ પરિયોજનાનું ઉદ્ઘાટન પણ કર્યું : છેલ્લા એક વર્ષમાં ૧૨ સયુંક્ત પ્રોજેક્ટ શરૂ કર્યા, આગામી સમયમાં બંન્ને દેશો વચ્ચેનો દ્વિપક્ષીય સંબંધ વધુ ઉર્જાવાન બનશેઃ મોદી**

ન્યુ દિલ્હી,તા.૫

ભારત અને બાંગ્લાદેશ વચ્ચે શનિવારે સાત કરાર પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા. ભારતના વડાપ્રધાન મોદી અને બાંગ્લાદેશના પીએમ શેખ હસિનાએ ત્રણ પરિયોજનાનું ઉદ્ઘાટન પણ કર્યું હતું. આ સાથે જે ભારત અને બાંગ્લાદેશ વચ્ચે સંબંધનો નવો અધ્યાય શરૂ થયો છે. ભારતે બાંગ્લાદેશથી એલએનજીગેસ આયાત કરીને પૂર્વોત્તર રાજ્યોને પહોંચાડવા માટેના પ્રોજેક્ટનું પણ ઉદ્ઘાટન કર્યું હતું.

ભારત અને બાંગ્લાદેશના સંબંધો વધુ ગાઢ બનાવવાની દિશામાં આ મુલાકાત યોજાઈ હતી. બન્ને દેશોએ જળ સંશાધન, યુવા બાબતો, સાંસ્કૃતિક, શિક્ષણ અને દરિયાકાંઠા પર સર્વેક્ષણ સહિતના ક્ષેત્રે સાત જેટલા મહત્વના કરાર કર્યા હતા.

બાંગ્લાદેશના પીએમ શેખ હસિના સાથેની મુલાકાત અંગે વડાપ્રધાન મોદીએ સંક્ષિપ્તમાં જણાવ્યું હતું કે, ભારત બાંગ્લાદેશ સાથેના સંબંધોને મહત્વ આપે છે અને સતત વધી રહેલા સહયોગથી



બન્ને રાષ્ટ્રો સમગ્ર વિશ્વને એક આદર્શ પાડોશી દેશોનું ઉદાહરણ પુરું પાડશે. આજની મુલાકાતથી આગામી સમયમાં બન્ને દેશો વચ્ચેનો દ્વીપક્ષીય સંબંધ વધુ ઉર્જાવાન બનશે.

વડાપ્રધાને વધુમાં જણાવ્યું કે છેલ્લા એક વર્ષમાં બન્ને દેશોએ ૧ ૨ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા જે પૈકી ત્રણ પ્રોજેક્ટસનું આજરોજ ઉદ્ઘાટન કરાયું. આ પ્રોજેક્ટ બન્ને દેશો વચ્ચેના ગાઢ સંબંધોને દર્શાવે છે.

દરમિયાન બાંગ્લાદેશના વડાપ્રધાન શેખ હસિનાએ જણાવ્યું કે, છેલ્લા કેટલાક વર્ષોથી દરિયાઈ સુરક્ષા, નાગરિક પરમાણુ ઉર્જા અને વેપાર ક્ષેત્રે દ્વીપક્ષીય સંબંધોમાં નોંધપાત્ર સુધારો જોવા મળ્યો છે.
















## બેસણું



" બાંધીને મે માળો વડલે, વિદાય સૌની લીધી છે મૈ.
રહેશે યાદો સદાયે સૌને, સાચી વિદાય પામી છે મૈ "

અમારા પરમ પૂજ્ય પિતાશ્રી

**બાબુલાલ એમ. વણઝારા (કવિશ્રી)**

તા.૩૦-૦૯-૨૦૧૯ને સોમવારના રોજ કૈલાશવાસી થયેલ છે.

સ્વર્ગસ્થનું બેસણું તા. ૦૭-૧૦-૨૦૧૯ને સોમવારના રોજ સવારે ૯ થી ૧૨ કલાકે નીચેના સ્થળે રાખેલ છે

સ્થળ : આર્શીવાદ, પ્લોટ નં.૬૨૩/૧, અંબાજી મંદિરની પાસે, સેક્ટર-૭/બી, ગાંધીનગર. મો.૯૯૨૫૭૨૧૯૧૮

શ્રી વિનાયકલાલ (પુત્ર) — વીણાબેન (પુત્રવધુ)
શ્રી મનસુખલાલ (પુત્ર) — આશાબેન (પુત્રવધુ)
શ્રી ગણપતલાલ (પુત્ર) — સીતાબેન (પુત્રવધુ)
શ્રી ભાર્ગવ (પૌત્ર-ન્યુઝીલેન્ડ) — જ્યોતિબેન (પુત્રવધુ)

મીનાબેન (પુત્રી)
પૌત્ર - સૌરભ, ઉમંગ, ઉજાસ, પાર્થ
પૌત્રી - રીનાબેન, ઈશીતાબેન
પ્રપોત્ર - શ્રીહાન




